MUMBAI SAMACHAR
ગુરુવાર, તા. ૧૫-૨-૨૦૧૮
મુંબઈ સમાચાર

## પહેલા પાનાનું ચાલુ

### પોલીસના દરોડા

રહી છે. તેઓ પ્રમુખ જેકબ ઝુમા સાથે સંકળાયેલા હોવાનું માલૂમ પડતા આફ્રિકન નેશનલ કૉંગ્રેસે નવ વર્ષથી શાસન કરી રહેલા જેકબ ઝુમાને રાજીનામું આપવાનો આદેશ આપ્યો હતો.

૭૫ વર્ષીય જેકબ ઝુમાએ સરકારી સ્રોતોનો દુરુપયોગ થવા દીધો હોવાનો આક્ષેપ છે.

પોલીસની ખાસ ટીમે પાડેલા દરોડામાં ત્રણ જણની ધરપકડ કરાઇ હતી. દક્ષિણ આફ્રિકાની સરકારી સમાચાર સંસ્થાએ ગુપ્તા પરિવારના સભ્યોની અટક કરાઇ હોવાનો દાવો કર્યો હતો.

જોહાનિસબર્ગના સેક્સોનવલ્ડ નામના પરામાં આવેલા ગુપ્તાબંધુઓના નિવાસસ્થાન તરફ જતાં રસ્તાને પરોઢિયે જ ખાસ પોલીસ ટુકડી દ્વારા બંધ કરાયો હતો.

પોલીસે જોહાનેસબર્ગમાં સેન્ડટન ખાતે આવેલી ગુપ્તાની ઓકબે હૉલ્ડિંગ કંપની પર પણ દરોડા પાડ્યા હતા. (પીટીઆઇ) ■

### વળતર ચૂકવવું પડે

રૅગ્યુલૅશન્સ બહાર પાડ્યું હતું. અરજદારે દાવો કર્યો હતો કે મુસાફરનું વળતર મર્યાદિત રાખતો આદેશ બહાર પાડવાની ડીજીસીએને કોઇ સત્તા નથી.

અરજદારે આક્ષેપ કર્યો હતો કે મેં દિલ્હીથી ૨૦૧૫ની ૧૨મી ડિસેમ્બરે પટણા જતી ઍર ઇન્ડિયાની ફ્લાઇટમાં અગાઉથી જ બૂકિંગ કર્યું હતું, પરંતુ હું વિમાનમથકે સમયસર પહોંચ્યો હોવા છતાં ફ્લાઇટ્સના ઑવરબૂકિંગનું કારણ આપીને મને ફ્લાઇટમાં ચઢવા નહોતો દેવાયો. (પીટીઆઇ) ■

### ફેમસ પ્રિયા

મોહંમદ અબ્દુલ બારીએ જણાવ્યું હતું કે પોલીસ આ કિસ્સામાં કોઇ પગલાં ભરતા પહેલાં ઇસ્લામિક વિદ્વાનોનો અભિપ્રાય જાણશે. અમે આ મલયાલમ ગીતનું ઉર્દૂમાં અને અંગ્રેજીમાં ભાષાંતર કરાવીશું અને તેમાં ધાર્મિક લાગણી દુભાવતા વાંધાજનક શબ્દો છે કે નહિ, તેની તપાસ કરીશું.

આ ફિલ્મના નિર્માતા અને ઘણાં કલાકાર મુસ્લિમ છે. અમુક લોકોએ તો ફેસબૂક પર આ ગીતનું અંગ્રેજી ભાષાંતર પણ મૂક્યું છે અને તે મુસ્લિમો માટે વાંધાજનક હોવાનો દાવો કર્યો હતો. ■

### પંજાબ નેશનલ બૅંક

છેતરપિંડી કરવા અંગે સીબીઆઈ તેમની સામે તપાસ કરી જ રહી છે.

સીબીઆઈ દ્વારા એમ પણ જણાવવામાં આવ્યું હતું કે પીએનબી પાસેથી મંગળવારે બે ફરિયાદ કરવામાં આવી છે, તેમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે મોદી અને એક જ્વેલરી કંપની દ્વારા રૂ. ૧૧,૪૦૦ કરોડ જેટલી છેતરપિંડી અને ગેરકાયદે લેવડદેવડ કરવામાં આવી છે.

સીબીઆઈ આ ફરિયાદની યોગ્યતા તપાસ્યા બાદ ડિઝાઈનર અને કંપની સામે યોગ્ય કાયદાકીય પગલાં ભરશે. આ રાષ્ટ્રીય બૅંક દ્વારા કરવામાં આવેલી ફરિયાદને આધારે યોગ્ય પગલાં ભરવામાં આવશે, એમ વધુ વિગત આપ્યા વિના સીબીઆઈના અધિકારીએ જણાવ્યું હતું.

આ કેસમાં જે જ્વેલરી કંપનીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે મોદી સાથે જોડાયેલી છે કે કેમ એમ તરત સ્પષ્ટ થયું નહોતું.

દરમિયાન, બૅંકે તેની એક શાખા સાથે છેતરપિંડી અને બિનસત્તાવાર રીતે ૧૭૭,૧૬૯ કરોડ ડૉલરની લેવડદેવડ થઈ હોવાનું બૉમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ)ને જણાવ્યું હતું.

પીએનબીમાં થયેલી લેવડદેવડ પરથી એ જાણવા મળ્યું છે કે બીજી બૅંકોએ આ ગ્રાહકોનાં નાણાં વિદેશની બૅંકમાં ટ્રાન્સફર કર્યા છે. જોકે, આ ટ્રાન્ઝેક્શનને મોદી સાથે જોડી શકાય એમ છે કે નહીં તે જણાવવામાં આવ્યું નથી.

નિરવ મોદી પોતે જ સેલિબ્રિટી છે અને તે બેલ્જિયમના એન્ટવર્પમાં મોટો થયો છે, અને તેણે પોતાના નામ 'નિરવ મોદી'ની બ્રાંડ પણ શરૂ કરી છે.

સીબીઆઈના કેસમાં તેનું નામ પહેલીવાર આ મહિનાની શરૂઆતમાં બહાર આવ્યું હતું. સીબીઆઈએ ત્યારે તેની અને મેહુલ ચોકસીની સામે કેસ નોંધ્યો હતો. મેહુલ ચોકસી 'ગીતાંજલિ' નામના જેમ એન્ડ જ્વેલરી ડાયમંડ સ્ટોર ધરાવે છે. તેમની સામે રૂ. ૨૮૦ કરોડની છેતરપિંડીનો કેસ નોંધાયો છે. (પીટીઆઈ) ■

### સઈદ

વહીવટી અધિકારીએ જણાવ્યું હતું કે પ્રાંતીય સરકારે રાવલપિંડીની ચાર મદરેસાના નામ જિલ્લાના વહીવટીતંત્રને સોંપ્યા હતા. જિલ્લાના વહીવટી અધિકારીઓએ આ મદરેસાની મુલાકાત લીધી હતી, પરંતુ જમાત-ઉદ-દાવાએ પોતાને આ મદરેસાઓ સાથે કોઇ સંબંધ હોવાનો ઇનકાર કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે સરકારે જિલ્લાના વહીવટીતંત્રને જમાત-ઉદ-દાવાની કહેવાતી આ મદરેસાઓમાંના શિક્ષકો અને વિદ્યાર્થીઓની તેમ જ દવાખાનાઓમાંના ડૉક્ટરો અને અન્ય કર્મચારીઓની વિગત તપાસવા પણ હુકમ કર્યો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે સરકારે જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ અને ઔકાફ વિભાગની સાથે મળીને વધુ તપાસ કરવા એક સંયુક્ત ટુકડી રચી છે.

તેમણે જણાવ્યું હતું કે રાવલપિંડી જેવી જ કાર્યવાહી અટ્ટોક, ચાકવાલ અને ઝેલમ જિલ્લામાં પણ હાથ ધરાશે.

આમ છતાં, અમુક રાજકીય નિષ્ણાત માને છે કે જમાત-ઉદ-દાવાની કચેરીઓ દેશભરમાં ફેલાયેલી હોવાથી તે બધી પર નિયંત્રણ મેળવવું સરકાર માટે મુશ્કેલ છે.

પાકિસ્તાન સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા પ્રતિબંધિત અનેક સંગઠન સામે પગલાં લેવાયા હોવાનો દાવો કરે છે.

મુંબઈમાં ૨૦૦૮માં કરાયેલા ત્રાસવાદી હુમલાના સૂત્રધાર હાફિઝ સઇદ જમાત-ઉદ-દાવા નામની ધર્માદા સંસ્થા ચલાવે છે, પરંતુ તે ત્રાસવાદી સંગઠન લશ્કરે તૈયબા સાથે સંકળાયેલી હોવાનું કહેવાય છે. (પીટીઆઇ) ■

### અમેરિકા

નવી નીતિની જાહેરાત કરીને ટ્રમ્પે પાકિસ્તાનને ચેતવણી આપી હતી કે પાકિસ્તાન ત્રાસવાદ સામેની લડતમાં અમેરિકાને સહકાર આપવામાં નિષ્ફળ જશે તો તેની સામે સખત પગલાં લેવામાં આવશે.

અમેરિકાએ પાકિસ્તાનમાં ચાલી રહેલી કુપ્રવૃત્તિઓના મામલે લાંબા સમય સુધી સતત ચિંતા વ્યકત કરી હતી. તેમાં એન્ટિ-મની લૉન્ડરિંગ /ત્રાસવાદીઓને અપાતા ભંડોળ(એએમએલ/સીએફટી) પ્રણાલીની અમલબજાવણી અંગે પણ ચિંતા વ્યકત કરવામાં આવી હોવાનું અમેરિકાના વિદેશ ખાતાના પ્રવક્તાએ પાકિસ્તાનના મીડિયામાં પ્રગટ થયેલા અમેરિકાએ ફાઇનાન્શિયલ એકશન ટાસ્ક ફોર્સનો સંપર્ક કર્યો હોવાના અહેવાલની વચ્ચે સમાચાર સંસ્થાને ઉક્ત બાબત જણાવી હતી.

યુનોની સલામતી સમિતિના ઠરાવમાં સભ્ય દેશોને ત્રાસવાદીઓ સામે કાર્યવાહી કરવાના ઠરાવનું ઉલલંઘન કરતા દેશની ત્રાસાવાદીઓની મિલકત થીજાવીને તેની એન્ટ્રી રોકવાની અને લશ્કરી સાધનસામગ્રીનો સપ્લાય સીધી અથવા આડકતરી રીતે અટકાવવાની જોગવાઈનો સમાવેશ કરવામાં આવ્યો છે.

યુનોના ઠરાવનો પડઘો પાડતાં અમેરિકાના વિદેશ ખાતાના નિવેદનમાં જણાવાયું હતું કે પાકિસ્તાન દ્વારા યુનોના ઠરાવનો અમલ કરવામાં આવ્યો નથી. (પીટીઆઈ)■

### ઓવૈસી

શોધીને ખલાસ કરવાનું કામ સેના કરી રહી છે.

દુશ્મન છંછેડાયેલો છે અને જ્યારે એ સરહદ પર નિષ્ફળ જાય છે, ત્યારે એ છાવણીઓ પર હુમલા કરે છે.

જ્યારે એમને વિવિધ ત્રાસવાદી જૂથો વિશે પૂછાયું ત્યારે એમણે જણાવ્યું કે જે વ્યક્તિ શસ્ત્ર ઉઠાવે છે એ દેશનો દુશ્મન છે અને ત્રાસવાદી છે. અમે એવા લોકોને ઠેકાણે પાડતા રહીશું. ■

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

જયંતીલાલ લીલાવતી મોહનલાલ વણજારા (ઉં. વ. ૮૬) તે સ્વ. સરલાબેનના પતિ. ચંદ્રેશ, હરનીશ, અંજના હીરેનભાઇ ઠક્કર, સ્મીતા કશ્યપભાઇ પરીખના પિતાશ્રી. સ્વ. દેવાંશી, દર્શના-ક્રિષ્ણાના સસરા. સ્વ. દિનદયાળ વિઠ્ઠલદાસ ગોકાણીના જમાઇ. તે ચૈતન્ય- અંકીત, નહુષા, આસુતોષ, વિવાન, અર્જુનના દાદાજી મંગળવાર ૧૩-૨-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર ૧૫-૨-૧૮ના ૫.૩૦ થી ૭. એસ. કે. સોમાની મેમોરીયલ હોલ, એચવીબી ગ્લોબલ એકેડેમી, એફ રોડ, ૭૯, મરીનડ્રાઇવ. લૌ. વ્ય. બંધ છે.

**વૈષ્ણવ ભોઇ**

વેરાવળ હાલ મુંબઇ સ્વ. નર્મદાબેન તથા સ્વ. જયંતીલાલ દામોદરદાસ જાદવના પુત્ર રસીકલાલ (ઉં. વ. ૭૨) સોમવાર,તા. ૧૨-૨-૧૮ના અવસાન પામેલ છે. તે જયશ્રીબેનના પતિ. બેસણું શુક્રવાર, તા. ૧૬-૨-૧૮ના ૪ થી ૬ ભાટીયા ભગીરથી તળાવ, ૮૮, દાદીશેઠ અગિયારી લેન, કાલબાદેવી, મું-૨. ઠે. રૂમ નં. ૧,૧લે માળે, ૩૨, પારેખ હાઉસ, ખેતવાડી ૭મી ગલી, મું ૪.

**પંચોલી સમાજ**

વિલાસીનીબેન (ઉં. વ. ૮૩) તે જીતેન્દ્રભાઇ નગીનલાલ મિસ્ત્રીના ધર્મપત્ની. નીતીન, ઇલાના માતુશ્રી. પ્રતીભા, ભુપેન્દ્રભાઇના સાસુજી. જતીનભાઇના ભાભી. ગીતાબેનના જેઠાણી, નગીનભાઇ, જયંતીભાઇ, સ્વ. રમેશભાઇ, નંદકુમાર, ચંદુભાઇ, હરેશભાઇના બેન બુધવાર તા. ૧૩-૨-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા- બેસણાની પ્રથા રાખેલ નથી. લૌ. વ્ય. બંધ છે. રહે. ૮ એ/૮, નવજીવન સોસાયટી, ગ્રાંટરોડ (પૂર્વ).

**કચ્છી ભાનુશાલી**

ભવાનીપુરના લાલજી લક્ષ્મીદાસ કટારમલ (ઉં. વ. ૬૨) ૧૩-૨-૧૮ના મુંબઇમાં રામશરણ પામેલ છે. તે સ્વ. ઉમરશી લક્ષ્મીદાસ, નારાયણ લક્ષ્મીદાસ, સ્વ. પેરાજ મુરજી, પુરુષોત્તમ બાબુભાઇ, નરશી મુરજી, નરસી મુરજીના ભાઇ. હરીભાઇ લક્ષ્મીદાસ જોઇસર (ભવાનીપુર), રવીન્દ્ર પ્રધાન મંગે (વમોટી), મેઘજી નરસી મંગે (ધનાવાડી)ના બનેવી. મોસાળ પક્ષે મુરજી માવજી મંગે (માથાળા). પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌ. વ્ય. બંધ છે.

**હાલાઇ લોહાણા**

જામસલાયા હાલ વિલેપારલા ભગવાનદાસભાઇ વૃજદાસ ગાંધી (બદીયાણી) (ઉં. વ. ૮૫) તે સ્વ. કાંતાબેનના પતિ. જયેશ, કીરીટ, સરોજ પ્રદીપકુમાર પાબારીના પિતાશ્રી. સ્વ. દામોદરભાઇ, સ્વ. વલ્લભભાઇ, સ્વ. ગોકળદાસ (બાબુભાઇ), સ્વ. કાકુભાઇ, ગુલાબરાય તથા ગં. સ્વ. હિરાબેન નરસિંહદાસ સોમૈયાના નાના ભાઇ. અ. સૌ. રીટા, અ. સૌ. ચંદ્રીકાના સસરાજી. સ્વ. છગનલાલ હીરજી ગોકાણીના જમાઇ તા. ૧૩-૨-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૫-૨-૧૮ ના વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપારલા (વે). ટા. સવારે ૧૦ થી ૧૧.૩૦.

**પરજીયા સોની**

તળાજા હાલ મુંબઇ સ્વ. ગીરીશભાઇ માધવજીભાઇ સાગર તથા જયોત્સનાબેનના દીકરા અમરભાઇ (ઉં. વ. ૩૯) તા. ૧૧-૨-૧૮ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સંદીપ, સમીરના ભાઇ. બિંદીયાના દીયર. ધ્રુમાના જેઠ. સોની મુકેશભાઇ, હરેશભાઇ, સુભાષભાઇ, સ્વ. સુરેશભાઇ, સતીકુંવર (બાહરીન)ના ભાણેજ. લૌ. પ્રથા બંધ છે.

**સૌરાષ્ટ્ર લેઉવા પટેલ**

અમરેલી હાલ ઘાટકોપર ધીરજલાલ વશરામભાઇ પટેલ (ધાનાણી) (ઉં. વ. ૭૫) તા. ૧૩-૨-૧૮ મંગળવારે સ્વર્ગવાસ પામેલ છે. તે ચંપાબેનના પતિ. સુરેશ, પ્રમોદ, જગદીશ, શૈલેષના પિતાશ્રી. મીના, કવિતા, કપીલા, સીમાના સસરા. જીનલ અનિકેત કુમાર ગજેરા, ખ્યાતી મીત, ધ્વની, ચીરાગ, જૈનિશા, દૈવીક, પરીના દાદા. પ્રાર્થનાસભા ૧૫-૨-૧૮ ગુરુવારે ૪ થી ૬. સ્થળઃ શ્રી કચ્છી કડવા પાટીદાર વાડી, ૨જે માળે, એલ. બી. એસ. માર્ગ, સર્વોદય મંદિરની બાજુમાં, ઘાટકોપર (વે.).

**કચ્છી લોહાણા**

વરસામેડીવાળા હાલ મુલુંડ સુરેન્દ્ર વેલજી કારીયાના ધર્મપત્ની અ. સૌ. હેમલતા (ઉં. વ. ૬૦) તે સ્વ. ભાગીરથી લીલાધર પરષોત્તમ ગણાત્રાના પુત્રી. સ્વ. સુરેશ, હરેશ, અ. સૌ. વિજયા કીરીટ સોમૈયા, સ્વ. મધુકાંતા, માલતી, હંસાના બેન. તે બીના અનુજ ઉપાધ્યાય, કિંજલ, સાગરના માતુશ્રી. સ્વ. ત્રિવેણી જયંતીલાલ ઠક્કરના ભાભી મંગળવાર તા. ૧૩-૨-૧૮ના શ્રીજીશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૫-૨-૧૮ના ૫ થી ૭ શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી, પવાણી હોલ, ૧લે માળે, આર.આર.ટી. રોડ, મુલુંડ (વે), બૈરાઓએ તે જ દિવસે આવી જવું. લૌ. વ્ય. બંધ છે.

**સુરતી વિશા લાડ વણીક**

બકુલ રામદાસ કાજી (ઉં. વ. ૮૫) તે શકુંતલાબેનના પતિ. સ્વ. પ્રવીણ, સ્વ. ચતુર, સ્વ. અરુણના ભાઇ. રમેશભાઇ, અરવિંદભાઇ શાહના બનેવી. બીજલ, કૌશલ, શ્યામલ, શૈલવના કાકા તા. ૧૪-૨-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. લૌ. વ્ય. બંધ છે.

**માંગરોળ દશા શ્રીમાળી વૈષ્ણવ વણીક**

માંગરોળ હાલ પારલા અ. સૌ. રસીલાબેન તથા લલીતકુમાર ગોપાલદાસ સિરાજના પૌત્ર. રાજેશ તથા અ. સૌ. અલકાના પુત્ર ચી. દેવર્શ (ઉં. વ. ૧૮) સોમવાર, તા. ૧૨-૨-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. તે માનસીના ભાઇ. અ. સૌ. રૂપલબેન રસેષભાઇ કાણકીયાના ભત્રીજા. ગં. સ્વ. આશાબેન હરકીશનદાસ શાહના દોહીત્ર. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર ૧૫-૨-૧૮ના સાંજે ૪.૩૦ થી ૬. સ્થળઃ જલારામ હોલ, એન. એસ. રોડ નં. ૬, જોગર્સ પાર્કની સામે, જેવીપીડી સ્કીમ, વિલેપારલા (વે).

**નાઘેર દશા શ્રીમાળી વણીક**

ગાંગડા (ઉંટવાળા) હાલ ઘાટકોપર સ્વ. મગનલાલ પ્રેમજીના પુત્ર ધીરજલાલ (ઉં. વ. ૭૮) તા. ૧૩-૨-૧૮ના અક્ષરનિવાસી થયેલ છે. તે સ્વ. નયનબાલાના પતિ. જીગ્નેશ, જાસ્મીના આશીષ શાહના પિતાશ્રી. હીતાર્થના દાદા. છાયાબેનના સસરા. પ્રાર્થનાસભા ૧૬-૨-૧૮ના ૪.૩૦ થી ૬. ઠે. બીએપીએસ સ્વામી નારાયણમંદિર, સરીતા પાર્ક, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (પૂર્વ).

**કચ્છી લોહાણા**

રણછોડદાસ કેશવજી સોમૈયા (ઉં. વ. ૧૦૨) ગામ ગુંદારા હાલે ચેમ્બુર નિવાસી. સ્વ. સંતોકબેનના પતિ. સ્વ. મોરારજી ત્રીકમદાસ કોઠારીના જમાઇ. કુસુમ, કીરીટ, શ્રીકાંતના પિતાશ્રી. રમેશભાઇ, નીતા, માલતીના સસરાજી સોમવાર ૧૨-૨-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. લૌ. વ્ય. બંધ છે.

**હાલાઇ લોહાણા**

વરવાળા હાલ કલ્યાણ બીપીનભાઇ (ઉં. વ. ૬૩) તે પડધાવાળા સ્વ. મેનાવંતીબેન તથા સ્વ. મોહનજી ભાણજી જટણીયાના પુત્ર. તે દિપાબેનના પતિ. તે પિંકલ, ભાવિકના પિતાશ્રી. તે સ્વ. ડુંગરશીભાઇ, રસીકભાઇ, ઇન્દુબેન રમણલાલ ગાડીચ, માલતીબેન હસમુખલાલ માનસેતા, કાનનબેન (ગીતાબેન) જગદીશ બાળદીયા, હંસાબેન શીરીષ દાસાણી, ભારતીબેન મહેન્દ્ર તન્નાના ભાઇ. તે સ્વ. વિઠ્ઠલદાસ ધરમશી અમલાણીના જમાઇ મંગળવાર ૧૩-૨-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર તા.૧૫-૨-૧૮ના ૪ થી ૬. માતુશ્રી શામબાઇ લોહાણા મહાજનવાડી, એસ. વી. રોડ, કલ્યાણ (પ.) લૌ. પ્રથા બંધ છે. ચક્ષુદાન-ત્વચાદાન કરેલ છે.

**સુરતી દશા શ્રીમાળી**

ગં. સ્વ. રોહીણીબેન રજનીકાંત ચોકસી. તે ઉમેશ, અનીષા નાણાવટીના માતુશ્રી. રતી ચોકસી, રાજેશ નાણાવટીના સાસુ. માણેક-સ્ટેફની, નવીન- પ્રીતીના દાદીમા. ભૃગીતા, કાર્તીક- નીકીતાના નાનીમા ૧૩-૨-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. લૌ. પ્રથા બંધ છે.

**સુરતી દશા પોરવાડ**

ઉત્પલ (ઉં. વ. ૬૯) તે સ્વ. લક્ષ્મીબેન તથા સ્વ. રજનીકાંત દલાલના પુત્ર. હંસાબેનના પતિ. ચીરાગના પિતાશ્રી. નિધીશ, ભાવના, સ્વ. ઉદયનના ભાઇ. સ્વ. શાંતાબેન તથા સ્વ. અમૃતલાલ વાણીના જમાઇ તા. ૧૩-૨-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૧૬-૨-૧૮ના ૫.૩૦ થી ૭. સ્થળઃ મોરાર બાગ, ૩૩, નાથ માધવ પથ, (ખત્તર ગલી), મું. ૪.

**ગોડવાડ ઓસવાલ**

બાલી નિવાસી ઉત્તમ હસ્તીમલજી કીતાવત (ઉં. વ. ૫૭) અવસાન પામેલ છે. સ્વ. સુખીબેન તથા સ્વ. હસ્તીમલજીના પુત્ર. પુર્ણીમાબેનના પતિ. જીગર, દીવીકના પિતાશ્રી. વિમલાબેન, ચંપાબેન, કંચનબેન, લક્ષ્મીબેન, સ્વ. શાંતીલાલ, દીનેશના ભાઇ. મમતા, સમતા, સંદીપના કાકા. શોકસભા ૧૫-૨-૧૮ ગુરુવારના સવારે ૧૧થી ૧. રાજસ્થાન હોલ, આરે રોડ, ગોરેગામ ( વે.)માં રાખેલ છે. સસુરાલ પક્ષઃ તેજરાજજી ગુણેશમલજી માંડોત, બાલી. માહીમ. બંને પક્ષની શોકસભા સાથે રાખેલ છે.

**દશા સોરઠીયા વણીક**

કુતીયાણા હાલ અમદાવાદ પ્રવીણચંદ્ર હરીલાલ ઝવેરચંદ માવાણી (ઉં. વ. ૭૩) તા. ૧૦-૨-૧૮ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે શારદાબેનના પતિ. મલય, દક્ષા સમીર શેઠના પિતાશ્રી. દિવ્યાના સસરા. નરેન્દ્ર, રજનીકાંત, કીરણ, મનીષ, ગં. સ્વ. ચારુબેન મહેશભાઇ માલવીયા, મૃદુલાબેન રમેશભાઇ મહેતા, જયોતી હરેશભાઇ કોઠારીના ભાઇ. સ્વ. ભીખાલાલ ગભરૂભાઇ શ્રીમાંકરના જમાઇ. લૌ. વ્ય. તથા સાદડી પ્રથા બંધ છે.

**પરજીયા સોની**

શેડુભાર હાલ ભાયંદર સોની શાંતાબેન ગોવિંદલાલ ધાણક (ઉં. વ. ૯૫) ૧૨-૨-૧૮ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે ભીખાલાલ, સ્વ. દિલીપભાઇ, સ્વ. અનીલભાઇ, સ્વ. ધર્મીષ્ઠાના માતુશ્રી. જયેશભાઇ, કરણભાઇ, રૂપલના દાદી. લૌ. ક્રિયાની પ્રથા બંધ છે. ઠે. જયેશભાઇ ભીખાલાલ ધાણક, બી-૩૦૪, સાંઇગુરુકૃપા એપાર્ટમેન્ટ, કાશીનગર, ભાયંદર (ઇ.)

**વાંઝા જ્ઞાતિ**

બગસરા (ભાયાણી) વાલા હાલ કાંદીવલી દિનેશભાઇ જગજીવનભાઇ અમરછેડાના ધર્મપત્ની શાંતાબેન (ઉં. વ. ૭૧) સોમવાર તા. ૧૨-૨-૧૮ના શ્રીગોપાલશરણ પામેલ છે. તે ઉષા, હર્ષા, મનીશ, રાકેશના માતુશ્રી. રીટા, ભાવના નરેન્દ્ર ટાંક, ચેતન દેસાઇના સાસુ. રીચા, ઇશાન, સંજનાના દાદી. રાશીના નાની. પ્રાર્થનાસભા ગુરુવાર ૧૫-૨-૧૮ના સવારે ૧૦ થી ૧૨. ઠે. વાંઝાવાડી, ધનામલ સ્કુલની સામે, ઇરાની વાડી, કાંદિવલી (વે).

**અનાવીલ બ્રાહ્મણ**

સરોધી ઉદવાડા તાલુકા પારડી હાલ બોરીવલી સ્વ. નારણજી કુંવરજી તથા સ્વ. લાડુબેનના પુત્ર મનુભાઇ દેસાઇ (ઉં. વ. ૭૬) તા. ૧૦-૨-૧૮ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે ઠાકોરભાઇ, હીરુભાઇના નાના ભાઇ. સ્વ. વિદ્યાબેન, જયોતીબેનના દીયર. ઇશાની તથા કેયુરના કાકા. આશીષ દીલીપભાઇ દેસાઇના કાકાસસરા. દેહદાન કર્યું છે. પ્રાર્થનાસભા- લૌ. વ્ય. બંધ છે.

**પરજીયા સોની**

પાલીતાણાવાળા હાલ કાંદીવલી સ્વ. ગોરધનભાઇ રણછોડભાઇ સતીકુંવરના ધર્મપત્ની ગં. સ્વ. કાંતાબેન (ઉં. વ. ૮૮) ૧૨-૨-૧૮ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. વિનુભાઇ, સ્વ. હસમુખભાઇ, સ્વ. ભાસ્કરભાઇ, કીરીટભાઇના માતુશ્રી. કમલ, નીખીલ, આશીષ, ધવલ, જાન્હવી સંજયકુમાર ધકાણ, દૃષ્ટી દિવ્યેશકુમાર સાગરના દાદીમા. તે રાંદલના દડવાવાળા સ્વ. નારણભાઇ રણછોડભાઇ સુરૂ, જયંતીભાઇ રણછોડભાઇ સુરૂના બેન. પ્રાર્થનાસભા ૧૫-૨-૧૮ ગુરુવારના ૪ થી ૫. ઠે. સોની વાડી, બોરીવલી (વે).

**વાંઝા જ્ઞાતિ**

(ગીર) હડમતીયા હાલ ભાયંદર સ્વ. ડાયાલાલ રામજીભાઇ જેઠવાના ધર્મપત્ની પાર્વતીબેન (ઉં. વ. ૭૯) તે વિનોદભાઇ, જયંતીભાઇ, મહેશભાઇ, મુકેશભાઇ, નવીનભાઇ, મંજુલાબેન, ભારતીબેન, ગૌરીબેનના માતુશ્રી. અરુણાબેન, નયનાબેન, અંજનાબેન, ઉષાબેન, રમીલાબેન, કિશોરકુમાર મોહનભાઇ ઝાલા, મનસુખભાઇ જેસાભાઇ ગોહીલ, પરસોતમભાઇ હીરાભાઇ વઢવાણાના સાસુ. તે પુનીતભાઇ, અમીતભાઇ, નીલેશભાઇ, હેમલભાઇ, જય, રુતીક, શ્યામ, ધ્રુવના દાદી શનિવાર ૧૦-૨-૧૮ના રામચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૫-૨-૧૮ ગુરુવારના ૪ થી ૬. લૌ. પ્રથા બંધ છે. સ્થળઃ બી-૧૫, વંદના એપાર્ટમેન્ટ, સ્વાગતમ કોમ્પલેક્ષ, જેસલ પાર્ક, ભાયંદર (પૂર્વ).

**હાલાઇ લોહાણા**

માળીયા હાટિના હાલ ભાયંદર અ. સૌ. શારદાબેન (ઉં. વ. ૭૦) તે રમણીકલાલ વિઠ્ઠલદાસ પોબારીના પત્ની. ભાવેશ, ભાવના અજય પટેલીયા, માયા રાજેશ સુચક, નયના કિરણ છગ, ઉષા ભાવેશ અમલાણી, સપના રાજેષ દવેના માતા. દિપાલીના સાસુ. આણંદજી વિઠ્ઠલદાસ રૂપારેલીયાના દીકરી. પ્રવીણભાઇ, હરીભાઇ, અ. નિ. નાનુભાઇના ભાભી ૧૩-૨-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૫-૨-૧૮ ગુરુવારના ૪.૩૦ થી ૬. સ્થળઃ શ્રી હાલાઇ લોહાણા મહાજન વાડી, એસ. વી. રોડ, કાંદીવલી (વે).

**કચ્છી ભાનુશાલી**

સ્વ. લીલાધર ધનજી માવ (ઉં. વ. ૮૮) કચ્છ ગામ હમીરપરવાળા (હાલ વાશી) ૧૩-૨-૧૮ના ઓધવશરણ પામેલ છે. તે ભાઈ સ્વ. માધવજી ધનજી માવ. પુત્રો જેઠાલાલ, મંગલદાસ, પરસોત્તમ, હરેશ લીલાધર માવ, રતનશી, અરજણ, મોહન માધવજી માવ. બનેવી સ્વ. હિરજી ખટાઉ ગોરી સુડધ્રોનાની કાનજી રણછોડ - ખીચડા સુડધ્રોમોટ્ટી બાબુભાઈ નેણશી મંગે ભાચુંડા. જમાઈ સ્વ. શંભુરામ મેઘજી ગજરા હમીરપર તથા શંભુરામ શીવજી ગજરા હમીરપર. સાસરા પક્ષ સ્વ. નાનજી વિરજી ગોરી ભવાનીપુર. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર જ્ઞાતિ**

રાજુલાવાળા (હાલ ઘાટકોપર) સ્વ. ઓતમબેન તથા સ્વ. કુકાભાઈ ભગવાનભાઈ વાઘેલાના પુત્ર હરજીવનભાઈ (ઉં. વ. ૭૦) મંગળવાર, ૧૩-૨-૧૮ના શ્રીરામચરણ પામ્યા છે. તે સ્વ. જીવરાજભાઈ લાખાભાઈ પરમારના જમાઈ. કસ્તુરબેનના પતિ. રાજેશભાઈ, પ્રકાશભાઈ, રમીલાબેન જિતેન્દ્રભાઈ, રેખાબેન જીતેનભાઈ, અરુણાબેન ભાવેશભાઈના પિતાશ્રી. સ્વ. દેવજીભાઈ, સ્વ. કરસનભાઈ, કેશવભાઈ, ડાયાભાઈ, ધીરુભાઈ, પ્રાગજીભાઈ, સવિતાબેન હરજીવનભાઈ તથા જયાબેન દામજીભાઈના ભાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર, ૧૫-૨-૧૮ના ૪ થી ૬. ઠેઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, લવંડરબાગની બાજુમાં, ઘાટકોપર (ઈ.).

**કચ્છી લોહાણા**

અંજાર-કચ્છ (હાલ મુલુંડ) સ્વ. દેવજી દામજી ચંદારાણાની ધર્મપત્ની ગં. સ્વ. દમયંતીબેન (ઉં. વ. ૮૨) તે સાભરાઈવાળા લીલબાઈ શીવજી કેશરીયાની પુત્રી. વસંતભાઈ, દિનેશભાઈ, જયશ્રીબેન વિનોદભાઈ, દક્ષાબેન, નીતાબેન, અજયભાઈ પંડિતપૌત્રાના માતા. સ્વ. જયાબેન, વિમળાબેનના સાસુ. રીકી, સ્નેહા ભાવેશભાઈ અનમ, પરીનના દાદીમા સોમવાર, ૧૨-૨-૧૮ના રામશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, ૧૫-૨-૧૮ના ૫ થી ૭. ઠેઃ ગોપુરમ હોલ, પુરુષોત્તમ ખેરાજ એસ્ટેટ, ડૉ. આર. પી. રોડ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (વે.). બૈરાઓએ તે જ દિવસે આવી જવું. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાણંદ**

સથરા (હાલ વિરાર) ડાહ્યાભાઈ મોહનભાઈ ચૌહાણ (ઉં. વ. ૮૨) સ્વર્ગવાસ થયેલ છે. તે ચેતનાબેન દિનેશભાઈ પારેખ અને નીતિન ડાહ્યાભાઈ ચૌહાણના પિતાશ્રી. પાલઘર સંજયભાઈ, અજયભાઈ ચુનીભાઈ ચૌહાણના કાકા. પાલિતાણા વિનુભાઈ પરમાણંદ રાઠોડના મામા. પૂના ધીરજભાઈ શામજીભાઈ પરમાર અને નરેન્દ્રભાઈના બનેવી. તેજસ, દશ્યના નાના. સાદડી ૧૬-૨-૧૮ના ૪ થી ૬. ઠેઃ અયનબીલ, ભવન હવેલીના સામે, જૈન મંદિર રોડ, શ્રેયા હોટલની ગલીમાં, વિરાર (વે.).

**વાંઝા જ્ઞાતિ**

મૂળ ગામ છાડેવડી (સોરઠ) (હાલ કાંદિવલી) સ્વ. રતિલાલ ભદ્રેશ્વરા (ઉં. વ. ૭૮) તે સ્વ. સંતોકબેન તુલસીદાસના પુત્ર. લીલાવંતીબેનના પતિ. નાનજીભાઈ, સ્વ. જીતુબેન, સ્વ. લીલીબેન, પ્રભાબેન, કુંદનબેન, દક્ષાબેનના મોટાભાઈ. મનોજભાઈ, ઉમેશભાઈ, રોહિતભાઈ, સંજયભાઈ, મહેન્દ્રભાઈના પિતાશ્રી. રેખાબેન, સવિતાબેન, જાગુબેન, હર્ષાબેન, રીનાબેનના સસરા ૧૪-૨-૧૮, બુધવારના ગોપાલશરણ પામેલ છે. સાદડી ૧૫-૨-૧૮ના ૪ થી ૬. ઠેઃ વાંઝા જ્ઞાતિ વાડી, ધનામલ સ્કૂલની સામે, ઈરાનીવાડી રોડ નં. ૧, કાંદીવલી (વે.).

**પાટણ દશા ખોરવાડ વૈષ્ણવ**

મૂળ પાટણ (હાલ મુંબઈ) અરવિંદ (ઉં. વ. ૮૦) ગં. સ્વ. પાર્વતીબેન નટવરલાલ મહેતાના પુત્ર ૧૨-૨-૧૮, સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તે વાસંતીબેનના પતિ. કેતકી, શેફાલીના પિતા. વિવેક, નીતિનના સસરા. રોહનના નાના. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિસા સોરઠિયા વણિક**

ઝરિયાવાડાવાળા સ્વ. દિવાળીબેન કરશનદાસ દામોદર માવાણીના પુત્રવધૂ અ. સૌ. આશાબેન કાંતીલાલ માવાણી (ગુણીબેન) તે બાલવાવાળા સ્વ. નંદીબેન ધનજી કલ્યાણજી શાહના દીકરી (ઉં. વ. ૬૫) ૧૩-૨-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. તે ધ્રુવેશ, જીગર, સૌ. ફાલ્ગુની, સૌ. તૃપ્તિ, સ્વ. બિંદુબેન, હેમંતકુમાર, સમીર, રાજેશ, બીજલના માતુશ્રી. રંજનબેન રમેશકુમારના ભાભી. જગદીશભાઈ, ગુણવંતભાઈ, પુષ્પાબેન, લીલીબેન, હીરાબેન, વિમળાબેનના બેન. પ્રાર્થનાસભા ૧૫-૨-૧૮, ગુરુવારના ૫ થી ૭. ઠેઃ શ્રી લોહાણા મહાજનવાડી, ૨જે માળે, એસ. વી. રોડ, કાંદીવલી (વે.).

**કપોળ વણિક**

નાગેશ્રીવાળા (હાલ રાજુલા) મણીલાલ હરજીવનદાસ સંઘવી (ઉં. વ. ૮૨) તે શારદાબેનના પતિ. રાજુભાઈ, પ્રકાશભાઈ, અશોકભાઈ, મનોજભાઈ, મમતાબેન નીલેશકુમાર કાણકીયાના પિતાશ્રી. સ્વ. ભવાનીદાસ, સ્વ. પ્રતાપરાય, સ્વ. કનૈયાલાલ, સ્વ. લીલાવતીબેન ધરમદાસ ચીતલીયા, ભાગીરથીબેન છબીલદાસ દોશીના ભાઈ. સ્વ. ગોકળ હરજીભાઈ ગોરડીયાના ભાણેજ. ભાદ્રોડવાળા સ્વ. નાથાલાલ વનમાળીદાસ પારેખના જમાઈ ૧૩-૨-૧૮ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૫-૨-૧૮, ગુરુવારના ૪ થી ૬.

## જૈન મરણ

ઢીંચણાના નેમચંદ કરમશી પાનાચંદ દોઢિયાના ધર્મપત્ની રંજનબેન (ઉં. વ. ૮૨) તા. ૧૧-૨-૧૮ના નાઇરોબી મુકામે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. અમૃતબેન લીલાધર મેઘજી સુમરીયાના પુત્રી. સ્વ. હીરાભાઇ, સ્વ. શાંતીભાઇ, સ્વ. રમેશભાઇ, સ્વ. અરુણભાઇ, ચંદ્રકાંતભાઇ, અશોકભાઇ, ઇલાબેન, અનીલભાઇ, સ્વ. પંકજભાઇના બહેન. સાદડી રાખેલ નથી.

**ઘોઘારી દશાશ્રીમાળી દેરાવાસી જૈન**

તળાજા હાલ વિરાર સ્વ. નગીનદાસ (બચુભાઈ) દિપચંદ મહેતાના ધર્મપત્ની પુષ્પાબેન (ઉં. વ. ૮૯) તા. ૧૧-૨-૧૮ રવિવારના અરિહંતશરણ થયેલ છે. તે દિલીપભાઈ, કિશોરભાઈ, જયંતભાઈ (ચીનુભાઈ), અલ્પાબેન અરવિંદકુમાર શાહ, નીલાબેન કિરીટકુમાર મહેતા, ગીતાબેન સુરેશકુમાર સરવૈયાના માતુશ્રી. ઈલાબેન, ભાવનાબેન, હર્ષાબેનના સાસુ. પિયર પક્ષે ભાવનગર નિવાસી સ્વ. હિરાલાલ ચુનીલાલ ભાયાણીના પુત્રી. તે નગીનદાસ, સ્વ. ધીરજલાલ, મનસુખલાલ, કનૈયાલાલ, સ્વ. લીલાવતીબેન, મધુબેનના બેન. પ્રાર્થનાસભા તા. ૧૬-૨-૧૮ને શુક્રવારે સવારે ૧૦ થી ૧૨. સ્થળઃ પદ્માવતી હોલ, પરાગ મેડિકલની પાછળ, આગાશી રોડ, વિરાર (વેસ્ટ).

**સત્તાવિસ કાંઠા દશાશ્રીમાળી જૈન**

સંગપુર (મરૂડ નિવાસી) હાલ ગોરેગાંવ અજયભાઈ મણીલાલ શાહના ધર્મપત્ની કિરણબેન (ઉં. વ. ૬૩) તા. ૧૦-૨-૧૮ શનિવારના અરિહંતશરણ પામ્યા છે. તે કૌશલના માતુશ્રી. દિશાના સાસુજી. પિયર પક્ષે સ્વ. હીરામણી ઈશ્વરદાસ શાહ (માંગરોળ નિવાસી)ની પુત્રી, તે સાગરભાઈ, સમીરભાઈના બેન તા. ૧૦-૨-૧૮ને શનિવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૧૬-૨-૧૮ના સવારે ૯ થી ૧૧. સ્થળઃ અનમોલ હોલ, બાંગુરનગર પોલીસ ચોકીની સામે, લિંક રોડ, ગોરેગાંવ (વેસ્ટ).

**હાલારી વિશા ઓશવાળ જૈન**

ગામ મુંગણી હાલ કાંદિવલીના શ્રી દિપક પ્રેમચંદ માલ્દેના ધર્મપત્ની સ્વાતિ (ઉં. વ. ૪૩) મંગળવાર તા. ૧૩-૨-૧૮ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રેમચંદ, મોતીચંદ, અમૃતલાલ તથા કાંતિલાલ રામજી માલ્દે, ઝવીબેન, રડિયાતબેન મણીબેન તથા કાત્નાબેનના પુત્રવધૂ. શૈલેષ, જયેશ, શીલાબેન ચીમનલાલ, તેજસ, દીપાબેન કલ્પેશ, કૃષલ, વિનીત, શ્વેતા, કૌશલ, હાર્દિક, દેવમ, ધારા, રેવા, જીનલ તથા નીરજના ભાભી. મોતીચંદ તથા લીલાધર કચરા નગરીયા, સવિતાબેન તથા અમૃતબેનના પુત્રી. સુરેશ, મેહુલ, જયવંતી, અરુણા, સંગીતા, ચેતન, નિર્મળા, નીતા, પારૂલ તથા બીજલના બેન. સાદડી ગુરુવાર તા. ૧૫-૨-૧૮ના બપોરના ૩ થી ૪-૩૦. સ્થળઃ હા. વિ. ઓ. સમાજ મહાજનવાડી, રણજીત સ્ટુડિયોની સામે, દાદર (સે.રે.). (લીવર, કીડની તથા ચક્ષુદાન કરેલ છે).

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

કાજાવદર હાલ ભાયંદર શ્રી નટવરલાલ મણીલાલ માણેકચંદ લાખાણી (ઉં. વ. ૮૬) તે સરોજબેનના પતિ તથા હિતેન, હિતેશ, દર્શના રાજેશકુમાર દોશી, ચેતના ચેતનકુમાર દોશીના પિતાશ્રી. તે વર્ષા, સ્મિતાના સસરા. તે સ્વ. નગીનદાસ, સ્વ. અનોપચંદભાઈ, સ્વ. શાંતિભાઈ વેણીભાઈ, સ્વ. લીલાવંતીબેન શાંતિલાલ શાહ, હંસાબેન જયંતિલાલ ખોખાણીના ભાઈ. તે પદયુમનરાય શાંતિલાલ સલોત (ભાવનગર હાલ કટક)ના જમાઈ તા. ૧૩-૨-૧૮ને મંગળવારના અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે. એડ્રેસઃ હાર્દિક બિલ્ડિંગ, બી વિંગ, રૂ. નં. ૧૩, સ્ટેશન રોડ, બોમ્બે માર્કેટની સામે, ભાયંદર (વેસ્ટ).

**વિશા શ્રીમાળી સ્થા. જૈન**

બોટાદ નિવાસી ગં. સ્વ. સુમીત્રાબેન ઘનશ્યામભાઇ દોશી (ઉં. વ. ૮૫) તે સ્વ. મણીલાલભાઇ હિંમતલાલ દોશીના પુત્રવધૂ. પ્રશાંતભાઇ, પ્રીતી, પારુલના માતુશ્રી. હિના, દિલીપભાઇ હકાણી, દિપકભાઇ શાહના સાસુ. પલકના દાદી. લીંબડી નિવાસી સ્વ. સોહનલાલ શીવલાલ ગાંધીના દીકરી મંગળવાર તા. ૧૩-૨-૧૮ના બોટાદ મુકામે અક્ષરનિવાસ પામેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

લીંબડી નિવાસી સ્વ. માણેકલાલ ત્રીકમલાલ સંઘવીના પુત્ર હાલ કાંદિવલી ડો. મનહરભાઇ (ડો. એમ. એમ. સંઘવી) (ઉં. વ. ૯૯) તે જીતુભાઇ, મહેશ, પ્રદીપ, પ્રવીણા, નીતા, અલકાના પિતાશ્રી. સ્વ. નીતા, સરોજ, આશા, દીલીપકુમાર નરભેરામ બગડીયા, સુનીલકુમાર પ્રવીણચંદ્ર ચોકસીના સસરા. સ્વ. સૌભાગચંદભાઇ, પ્રીતમભાઇના ભાઇ. સ્વ. દીપચંદભાઇ મુળજીભાઇ શાહ, હારીજવાળાના જમાઇ મંગળવાર તા. ૧૩-૨-૧૮ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌ. વ્ય. બંધ છે.

**ક. વિ. ઓ. જૈન**

ભુજપુરના જાદવજી પ્રેમજી ગોગરી (ઉં. વ. ૭૩) તા. ૧૨-૨-૧૮ના અવસાન પામેલ છે. જીવીબેન પ્રેમજીના પુત્ર. જયાબેનના પતિ. જીનેશ, કલ્પેશના પિતા. સ્વ. કસ્તુર, કાંતિ, સ્વ. ભાનુ, બા. બ્ર. સુશીલા, ગં. સ્વ. મંજુલા, સ્વ. હરખચંદ, હીનાના ભાઇ. ગેલડાના ભાણબાઇ ઉમરશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સી-૮૦૬, સમૃદ્ધી એપાર્ટ. એચડીએફસીની સામે, માર્વે રોડ, મલાડ (વે).

નવિનાળના નવિન રવજી છેડા (ઉં. વ. ૬૯) અવસાન પામેલ છે. ગંગાબેન રવજીના પુત્ર. તારાબેનના પતિ. શ્રેણીક, વિલાક્ષીના પિતા. ચંદ્રકાંત, અરવિંદ, વસંત, જવેરના ભાઇ. બારોઇના મણીબેન રાઘવજીના જમાઇ. પ્રા. શ્રી હાલારી વિશા ઓશવાળ વાડી, હાલાઇ વાડી, દાદર (ઇ). ટા. ૩ થી ૪.૩૦. નિ. નવિન છેડા, ૭૦૩/એક્ષ વિંગ, દાદર સાંઇ કીર્તિ કો. હા. સો. અનંત પાટીલ રોડ, દાદર (વે).

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

ચુડા હાલ માટુંગા (બી.બી.) સ્વ. વૃજલાલ ગીરધરલાલ કોઠારીના ધર્મપત્ની ગં. સ્વ. મધુકાંતા (ઉં. વ. ૯૦) તે કિર્તીકાંત, સ્વ. રજનીકાંત, સર્યુ જયંત ધરોડ, ભારતી રાજેશ વોરાના માતુશ્રી. સ્વ. નીલમબેન, જયોતિબેનના સાસુ. મિત્તલ સમીર, શીતલ વિક્રમ, સેજલ, સિરાલી રાજ, પુર્વી હેમેન, અમીષ, પ્રેમલ, રોનક, જુલી જતીનના દાદી. પાળીયાદ નિવાસી હાલ અમદાવાદ દલીચંદભાઇ જયંતીલાલ જેઠાલાલ, મધુબેન ચંદુલાલ પારેખ, સુનંદા મહાસુખલાલના બેન મંગળવાર ૧૩-૨-૧૮ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા- લૌ. વ્ય. પ્રથા બંધ છે. રહે. ૬૦૧, ગજરાજ એપાર્ટમેન્ટ, ગોપી ટેન્ક રોડ, માટુંગા, મું. ૧૬.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

સાણંદ હાલ ઘાટકોપર સ્વ. રંભાબેન હિંમતલાલ હરજીવનદાસ શાહના પુત્ર જીતેન્દ્રભાઇ (ઉં. વ. ૬૬) તા. ૧૩-૨-૧૮ના અરિહંતશરણ પામેલ છે. તે સરોજબેનના પતિ. અમીત, નિર્મલ, રૂપલના પિતાશ્રી. બીજલ, અમી, ધવલ લાલકાના સસરાજી. સ્વ. ચીમનલાલ ઉજમશી વોરાના જમાઇ. સ્વ. સુરેશભાઇ, સ્વ. અશોકભાઇ, વિનોદભાઇ નિર્મળાબેન અશોકભાઇ દોશી તથા જયોત્સનાબેન કીરીટકુમાર દોશીના ભાઇ. પ્રાર્થનાસભા ગુરુવાર ૧૫-૨-૧૮ના ૪ થી ૬. સ્થળઃ નીલયોગ, બેન્કવેટ હોલ, ૭મે માળે, ઘાટકોપર (ઇ). સ્ટેશન પાસે.

## પારસી મરણ

જમશેદ માણેકશાહ ભરડા તે મરહુમો માણેકશાહ ભીખાજી ભરડા તથા હીલ્લા માણેકશાહ ભરડાના દીકરા. તે રતી જમશેદ ભરડાના ખાવિંદ. તે મરહુમો રોશનબાનુ તથા કેખુશરૂ જહાંગીરજી માસ્તરના જમાઇ. તે મહાદોખ્ત તથા ઝરવાનના બાવાજી. તે રોમીનના યઝનેના સસરા (ઉં. વ. ૭૧). રહેવાનું ઠે. સીવંડીવાલા ટેરેસ, બી બ્લોક, રૂમ નં. ૧૭/૧૮, ધોબીતલાવ, મુંબઇ ૪૦૦૦૦૨. ઉઠમણાંની ક્રિયા ૧૬-૨-૧૮ના દિને બપોરે ૩.૪૦ વાગે ડુંગરવાડી ઉપરની ઓલબ્લેસની બંગલી.

ઓસ્તી શેહરૂ ફીરોઝ પંથકી, તે ફીરોઝ શહેરીયારજી પંથકીના ધણીયાણી. તે મરહુમ તેહમીના એરચશાહ ભેસાન્યાના દીકરી. તે શ્રીતી જાલુ ને હોમ્યારના બહેન. તે પરવેઝ પંથકીના સાળી. તે શેહરનાઝના નણંદ. બાનુ ડોલી ને રોશનના ભાભી (ઉં. વ. ૭૫), રહેવાનું ઠે. અન્જીનીયર બિલ્ડીંગ, પ્લોટ નં. ૫૧, ગ્રાઉન્ડ ફલોર. ઉઠમણાંની ક્રિયા ૧૬-૨-૧૮ રૂસ્તમ ફરામના દાદર બપોરે ૩.૪૫ બપોરે.

**હૈદરાબાદ**

પરીન આર. મિસ્ત્રી (ઉં. વ. ૮૨) તે મરહુમો શિરિનબાઇ અને રુસ્તમજી ડી. મિસ્ત્રીના દીકરી. તે નરિમાન આર. મિસ્ત્રી, દરિયસ આર. મિસ્ત્રી, મરહુમ મની જેસી વાનિયા, ફરદુન આર. મિસ્ત્રી, નોશીર આર. મિસ્ત્રી, સેમ આર. મિસ્ત્રી, જેરુ ડી. અસ્લી, મીઠુ આર. મિસ્ત્રીના બહેન ૨-૨-૧૮ના હૈદરાબાદ મુકામે ગુજરી ગયા છે.

| | | |
|---|---|---|
| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |